અપીલ અરજી નં.૨૧૧ તા.૪–૧૦ –૧૦/૧૧

**અરજદારઃ**– શ્રી સીમા એચ. દેસાઈ
**સામાવાળાઃ**– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ**–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સીમા એચ. દેસાઈની તા.૧૮–૮–૧૦ ની અરજીથી (૧)તા.૨૪–૬–૧૦ ના રોજ સંબંધિત વિભાગમાં અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબંધિત તમામ વિભાગના અધિકારીઓએ તેમના કર્મચારીઓ પાસે શું તપાસ કરવામાં આવી અને કર્મચારીએ સ્થળ ઉપર શું તપાસ કરી તેમજ આજુબાજુ રહેતા લોકોને શું પુછપરછ કરી શું રીપોર્ટ બનાવ્યો તે તમામની સહીવાળી નકલ ફાળવવી. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૧૧/૨૦૧૦–૧૧

શ્રી સીમા એચ. દેસાઈની તા.૧૮–૮–૧૦ ની અરજીથી (૧)તા.૨૪–૬–૧૦ ના રોજ સંબંધિત વિભાગમાં અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબંધિત તમામ વિભાગના અધિકારીઓએ તેમના કર્મચારીઓ પાસે શું તપાસ કરવામાં આવી અને કર્મચારીએ સ્થળ ઉપર શું તપાસ કરી તેમજ આજુબાજુ રહેતા લોકોને શું પુછપરછ કરી શું રીપોર્ટ બનાવ્યો તે તમામની સહીવાળી નકલ ફાળવવી. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ./૮૫૧ તા.૧૮–૯–૧૦ થી આપેલ માહિતી ખોટી,અધુરી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની આઈ ડી નં.૫૭૩ તા.૧૮–૮–૧૦ ની અરજીથી તા.૨૪–૬–૧૦ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૦૭ તા.૨૨–૮–૧૦ થી ફાયર ઓફિસરશ્રીને તબદીલ કરવામાં આવેલ. ડે. ફાયર ઓફિસર તરફથી પત્ર નં.એફબી/એસપી/૧૦૪૯ તા.૬–૯–૧૦ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૫૧ તા.૧૮–૯–૧૦ થી તથા પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૯૯ તા.૨૮–૯–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે સબંધે અરજદારે તા.૧૮–૯–૧૦ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ. જે અંગે અપીલ નં.૨૦૦/૧૦–૧૧ તા.૧૮–૯–૧૦ ના હુકમ આરટીઆઈ સેલ/૮૫૭ તા.૨૨–૧૦–૧૦ થી કરવામાં આવેલ. અરજદારે તેમની મુળ તા.૧૮–૮–૧૦ ની માહિતી અરજી અંગે જ પુનઃ તા.૪–૧૦–૧૦ ના રોજ અપીલ કરેલ છે. એક જ માહિતી અરજી અંગે બે પ્રથમ અપીલ હોઈ શકે નહીં જેથી પ્રસ્તુત અપીલ અંગે અત્રેની અપીલ નં.૨૦૦/૧૦–૧૧ માં તા.૨૨–૧૦–૧૦ થી કરવામાં આવેલ નીચે મુજબનો હુકમ યથાવત રહેવા પામે છે અને અરજદારની સંદર્ભ હેઠળની અપીલ દફતરે કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી નં.૫૭૩ તા.૧૮–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી ટવીસ્ટીંગ મશીન પરવાનગીની મંજુરી બાબત તેમજ બીપીએમસી એકટના ભંગ બદલની કાર્યવાહી સંબંધે દફતરી રેકર્ડ ઉપર માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી બાબત હેઠળની પરવાનગી રજીસ્ટર તેમજ અરજી પશ્ચાતની કાર્યવાહી સબંધે સબંધિત દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે.

અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે. વધુમાં કાર્યવાહીને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) સીમા એચ. દેસાઈ,